# સુરત મહાનગરપાલિકા

## જાહેરાત

ધી એપ્રેન્ટીસ એકટ ૧૯૬૧ હેઠળ સુરત મહાનગરપાલિકામાં નીચે જણાવેલ જુદાં જુદાં ટ્રેડોમાં નિયત લાયકાત ધરાવતાં ઉમેદવારો પસંદ કરવા માટે તા.૦૧/૦૩/૨૦૧૭, ૧૧.૦૦ કલાક થી તા.૧૫/૦૩/૨૦૧૭, ૧૮.૦૦ કલાક સુધીમાં ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

| અ.નં. | એપ્રેન્ટીસ ટ્રેડનું નામ | મંજુર થયેલ એપ્રેન્ટીસ જગ્યા | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|
| 1 | ફીટર | 10 | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 2 | વેલ્ડર (ગેસ એન્ડ ઈલેકટ્રીક) | 10 | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 3 | ઈલેકટ્રીશ્યન | 20 | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 4 | વાયરમેન | 100 | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 5 | કારપેન્ટર | 10 | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 6 | પ્લમ્બર | 10 | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 7 | ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનીક | 05 | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 8 | હોસ્પીટલ વેસ્ટ મેનેજમેન્ટ આસીસ્ટન્ટ | 05 | ધોરણ–૧૦ પાસ. |
| 9 | રેફ્રીજરેશન એન્ડ એર કન્ડીશનીંગ મિકેનીક | 10 | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 10 | મિકેનીક (મોટર વ્હીકલ) | 10 | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 11 | ટ્રેકટર મિકેનીક | 05 | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 12 | ડ્રાફ્ટસમેન (સીવીલ) | 14 | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 13 | સર્વેયર | 20 | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 14 | બુક બાઈન્ડર | 02 | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 15 | ઓફસેટ મશીન માઈન્ડર | 02 | ધોરણ–૧૦ પાસ. |
| 16 | પેઈન્ટર (જનરલ) | 05 | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 17 | કોલ સેન્ટર આસીસ્ટન્ટ | 05 | ધોરણ–૧૨ પાસ અથવા N.T.C. issued by N.C.V.C in Electronics Communication System, Computer Operator & Programmimng Assistant, Info. Tech. & Electronic System Maintenance, Radio & Television, Instrument Mechanic. |
| 18 | ગાર્ડનર | 10 | ધોરણ–૧૦ પાસ. |
| 19 | મેડીકલ લેબોરેટરી ટેકનીશ્યન (પેથોલોજી) | 25 | ધોરણ–૧૨ (ફીઝીકસ, કેમેસ્ટ્રી અને બાયોલોજી) વિષય સાથે પાસ. |
| 20 | મેડીકલ લેબોરેટરી ટેકનીશ્યન (રેડીયોલોજી) | 05 | ધોરણ–૧૨ (ફીઝીકસ, કેમેસ્ટ્રી અને બાયોલોજી) વિષય સાથે પાસ. |
| 21 | મેડીકલ લેબોરેટરી ટેકનીશ્યન (કાર્ડીયોલોજી એન્ડ ફીઝીયોલોજી) | 02 | ધોરણ–૧૨ (ફીઝીકસ, કેમેસ્ટ્રી અને બાયોલોજી) વિષય સાથે પાસ. |
| 22 | બિલ્ડીગ મેઈન્ટેનન્સ ટેકનીશ્યન | 25 | ધોરણ–૧૦ પાસ. |
| 23 | સેનેટરી હાર્ડવેર ફીટર | 02 | ધોરણ–૮ પાસ. |
| 24 | લાયબ્રેરી આસીસ્ટન્ટ | 02 | ધોરણ–૧૦ પાસ. |
| 25 | કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામીગ આસીસ્ટન્ટ | 100 | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 26 | હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર | 20 | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 27 | હાઉસ કીપર (કોર્પોરેટ) | 01 | ધોરણ–૧૦ પાસ. |
| 28 | મિકેનીક (ડીઝલ) | 35 | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| | **કુલ** | **470** | |

આ એપ્રેન્ટીસ ટ્રેડની જાહેરાત અન્વયે ઓનલાઈન અરજી કરતાં પહેલાં વિગતવાર જાહેરાત સાથેની જાહેરાતની સામાન્ય સુચનાઓ અને ઓનલાઈન અરજી કરવાની રીત અંગેની નીચે મુજબની સામાન્ય સુચનાઓ જોવાં વિનંતી. ત્યારબાદ જ ઉમેદવારે અરજી કરવાની રહેશે. વધુ વિગત માટે મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગનો ફોન નં. ૦૨૬૧–૨૪૨૩૭૫૧–૫૬ (એક–૨૩૧) ઉપર સંપર્ક કરવો.

**સામાન્ય સુચનાઓ :**

(૧) **ઓનલાઈન અરજી પત્રક કન્ફર્મ થયા બાદ અરજી પત્રકની પ્રિન્ટ લઈ જરૂરી આધાર પુરાવા/ પ્રમાણપત્રો સામેલ કરી જાહેર રજા સિવાય તા.૨૩/૦૩/૨૦૧૭ સુધીમાં કામનાં કલાકો દરમ્યાન નીચે જણાવેલ સરનામે ઉમેદવારી અરજી મોકલવાની રહેશે.**

(૨) આ સાથે સામેલ એપ્રેન્ટીસશીપ માટે અરજી કરવા માટેની સામાન્ય સુચના તથા ઓનલાઈન અરજી કરવા માટેની પધ્ધતિ જોઈ જવા વિનંતી.

(૩) ઉમેદવારે ઓનલાઈન અરજી કરતાં પહેલા સૌપ્રથમ એપ્રેન્ટીસનું ઈન્ટેશન ઓફ એંગેજમેન્ટ જો ન ધરાવતા હોય તો www.apprenticeship.gov.in/Pages/Apprenticeship/ApprenticeRegistration.aspx ભારત સરકારનાં પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવી જનરેટ થયેલ રજીસ્ટ્રેશન નંબર ઓનલાઈન અરજી પત્રકમાં ફરજિયાત દર્શાવવાનો રહેશે.

(૪) જો ઉમેદવાર કરારનામાંથી એપ્રેન્ટીસશીપ માટે અન્ય કોઈ એકમ/સંસ્થા સાથે કરારનામાંથી જોડાયેલા હશે તો ઉમેદવારની અરજી રદ થવા પાત્ર થશે.

(૫) ઉમેદવારે https://suratmunicipal.gov.in/recruitment લીન્ક ઉપર જઈ જે તે ટ્રેડ માટે ઓનલાઈન અરજી કરવાની રહેશે.

(૬) મુદત વિત્યા બાદ મળેલ અરજી રદ કરવામાં આવશે તેમજ ટપાલથી પોસ્ટ કરવામાં આવેલ અરજી નિયત સમય મર્યાદામાં ન મળે તો તે અંગેની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહી.

(૭) ઓનલાઈન અરજી પત્રક સિવાયની અન્ય ફોર્મમાં મળેલ ઉમેદવારી અરજીઓ સ્વીકારવામાં આવશે નહી.

(૮) એપ્રેન્ટીસને નિયમોનુસાર સ્ટાઈપેન્ડ ચુકવવામાં આવશે.

(૯) આ જાહેરાત ફકત એપ્રેન્ટીસશીપ માટે છે, એપ્રેન્ટીસશીપ પુર્ણ થયેથી એપ્રેન્ટીસોને છુટાં કરવામાં આવશે.

(૧૦) આ જાહેરાત કોઈપણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સુરત મહાનગરપાલિકાની એપોઈન્ટમેન્ટ ઓથોરીટીને સંપૂર્ણ હક / અધિકાર રહેશે અને આ માટે કોઈ કારણો આપવામાં આવશે નહી.

**અરજી મોકલવાનું સરનામુ :** **ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી (મધ્યસ્થ કચેરી) ની ઓફિસ,**
**રૂમ નં.૭૫, પહેલા માળે, સુરત મહાનગરપાલિકા,**
**મુગલીસરા, સુરત**

નં.પીઆરઓ/૭૭૯/૨૦૧૬–૧૭.
સુરત. તા.૨૭/૦૨/૨૦૧૭

**સહી/–**
**મ્યુનિસિપલ કમિશ્નર**
**સુરત મહાનગરપાલિકા**

◆◆◆◆

## એપ્રેન્ટીસશીપ તાલીમમાં જોડાવવા રજીસ્ટ્રેશન કરવા માટેની પ્રક્રિયા

- **એપ્રેન્ટીસશીપ તાલીમમાં જોડાવવા માટે ઉમેદવારે ભારત સરકાર દ્વારા કાર્યરત કરવામાં આવેલ પોર્ટલ (http://apprenticeship.gov.in) પર રજીસ્ટ્રેશન કરવાનું રહે છે. રજીસ્ટ્રેશન અર્થે ઉમેદવાર E-mail એકાઉન્ટ ધરાવતો હોવો જરૂરી છે.**

- **એપ્રેન્ટીસશીપ રજીસ્ટ્રેશન**
  - http:apprenticeship.gov.in ઓપન કરો.
  - Apprentice>Apprentice Registration પર કલીક કરો. જરૂરી વિગતો ભરો.
  - જરૂરી શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની સ્કેન કોપી અને પોતાનો ૨૦૦ કેબી સાઈઝ ધરાવતો પાસપોર્ટ ફોટો અપલોડ કરો.
  - "Submit" કલીક કરો.
- **E-mail એકાઉન્ટ ચેક કરો.**
  - રજીસ્ટ્રેશન ફોર્મ "Submit" કલીક કર્યા બાદ આપના E-mail Inbox જોવો.
  - પોર્ટલ દ્વારા આપવામાં આવેલ "Message" સાથેની "Activation Link" પર કલીક કરો.
  - "Activation Link" પર કલીક કરવાની સાથે જ પોર્ટલનું "Home Page" પર આપના યુનિક એપ્રેન્ટીસ રજીસ્ટ્રેશન નંબર બતાવતો "Message" ઓપન થશે. જે પોર્ટલ આપના E-mail માં પણ જાણ કરશે.

◆◆◆◆

## સુરત મહાનગરપાલિકામાં એપ્રેન્ટીસશીપ માટે અરજી કરવા માટેની સામાન્ય સુચનાઓ તથા Online અરજી કરવા માટેની પધ્ધતિ

આ એપ્રેન્ટીસશીપની જાહેરાત અન્વયે સુરત મહાનગરપાલિકા દ્વારા **Online** અરજીઓ જ સ્વીકારવામાં આવશે. ઉમેદવારે તા.૦૧/૦૩/૨૦૧૭, ૧૩.૦૦ કલાક થી તા.૧૫/૦૩/૨૦૧૭, ૧૩.૦૦ કલાક સુધીમાં https://suratmunicipal.gov.in/recruitment લીન્ક ઉપર જઈ જે તે ટ્રેડ માટે ઓનલાઈન અરજી પત્રક ભરવાનું રહેશે. ઉમેદવારે**Online** અરજી કરવા માટે નીચે મુજબનાં **Steps** અનુસરવાનાં રહેશે.

(૧) ઉમેદવારે ઓનલાઈન અરજી કરતાં પહેલા સૌપ્રથમ એપ્રેન્ટીસનું ઈન્ટેશન ઓફ એંગેજમેન્ટ જો ન ધરાવતા હોય તો www.apprenticeship.gov.in/Pages/Apprenticeship/ApprenticeRegistration.aspx કેન્દ્ર સરકારનાં પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવી જનરેટ થયેલ રજીસ્ટ્રેશન નંબર ઓનલાઈન અરજી પત્રકમાં ફરજિયાત દર્શાવવાનો રહેશે.

(૨) ત્યારબાદ ઉમેદવારે https://suratmunicipal.gov.in/recruitment લીન્ક ઉપર જવું.

(૩) List of Currents Recruitment (s) ઓપન થયાબાદ જે તે ટ્રેડની સામે Apply Now પર Click કરવું. આ પ્રમાણે Click કરવાથી Job Application Form ખુલશે. જેમાં પ્રથમ Application Details દેખાશે અને નીચે Application Information દેખાશે.

(૪) Application Format માં સૌપ્રથમ ઉમેદવારે Apprentice Registration No. દર્શાવવો, ત્યારબાદ Personal Details ભરવી, જેમાં લાલ ફુદરડી (*) નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે. Personal Details માં જ્યાં Mobile Number અને E-mail ID માંગ્યા છે, તેની વિગતો અવશ્ય લખવી, જેથી ઉમેદવારને જરૂર જણાય અત્રેથી માહિતગાર કરી શકાય.

(૫) ઉમેદવારે For which degree you want to apply ફીલ્ડમાં વિગતો અવશ્ય નાંખવી.

(૬) Personal Details ભરાયા બાદ ઉમેદવારે જો તેઓ સુરત મહાનગરપાલિકાનાં કર્મચારીનાં આશ્રિત હોય તો તેઓનાં Employee No. અને Relation with Employee ની વિગતો ભરવી.

(૭) ત્યારબાદ ઉમેદવાર દર્શાવ્યા મુજબની જે Language ની પરીક્ષા પાસ કરેલ હોય તે દર્શાવી, જો તેઓ વાંચી, લખી અને બોલી શકતા હોય તેની સામે Tick Mark ( √ ) કરવાની રહેશે.

(૮) Language ની વિગતો ભરાયા બાદ ઉમેદવારે Educational Qualification ની વિગતો ભરવી. ત્યારબાદ ઉમેદવારે Add Qualification ઉપર Click કરવું અને Educational Qualification ની વિગતો સુધારવી હોય તો ફરી નાંખવા માટે સૌપ્રથમ Clear Button ઉપર Click કરવું, ત્યારબાદ ફરી Educational Qualification ની વિગતો નાખી શકાશે.

(૯) ઉમેદવાર Personal Details તથા Educational Qualification ની વિગતો નાંખ્યા બાદ પણ ફરી Update / Delete કરી શકશે.

(૧૦) Educational Qualification ની વિગતો ભરાયા બાદ ઉમેદવાર જો અનુભવ પ્રમાણપત્ર ધરાવતા હોય તો Details of Experience ની વિગતો તેમજ અનુભવની વિગતો ભરવા માટે ઉકત નં.૭ મુજબ અનુસરવાનું રહેશે અને વિગતો સુધારવી હોય તો ફરી નાંખવા માટે સૌપ્રથમ Clear Button ઉપર Click કરવું, ત્યારબાદ ફરી Details of Experience ની વિગતો નાખી શકાશે.

(૧૧) ત્યારબાદ Details of Required Documents પૈકી જે Documents ધરાવતાં હોય તેની સામે Tick Mark ( √ ) કરવાની રહેશે.

(૧૨) ત્યારબાદ Enter Text નાં બોક્ષમાં સામે જનરેટ થયેલ કોડ નાંખવાનો રહેશે.

(૧૩) Enter Text નાંખ્યા પછી નીચે જણાવેલ કબુલાતનામુ માં Yes / No નાં ઓપ્શનમાં Tick Mark ( √ ) કરવાની રહેશે.

(૧૪) ઉકત તમામ **Steps** પુર્ણ થયા બાદ Submit બટન ઉપર Click કરવાનું રહેશે અને અરજી પત્રક રદ કરવાનું હોય તો Cancel બટન ઉપર Click કરવાનું રહેશે.

(૧૫) Submit ઉપર Click કર્યાબાદ Application Verification Window દેખાશે, અને આપે દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર One Time Password (OTP) જનરેટ થશે, આ પાસવર્ડ નાંખ્યા બાદ Print Application Window ઓપન થશે, જેમાં Application details has been saved successfully દેખાશે અને તેની નીચે આપનો Application Number જનરેટ થયેલ દેખાશે, જે તમારે સાચવી રાખવાનો રહેશે અને હવે પછી આ જાહેરાતનાં સંદર્ભમાં કોઈપણ પત્ર વ્યવહારમાં તે દર્શાવવાનો રહેશે. આ Application Number નીચે જણાવેલ Print option Click કરવાથી તમારી વિગતો સહિતની અરજી પત્રકની પ્રિન્ટ કાઢી શકાશે. **Print માટે Pop-up block "Off" રાખવું.**

(૧૬) કન્ફર્મ થયેલ અરજી પત્રક બિડાણો સહિત નિર્ધારીત તારીખની સમયમર્યાદામાં અરજી મોકલવાનાં સરનામે રૂબરૂ આપી જવાનાં રહેશે અથવા ટપાલથી મોકલવાનાં રહેશે.

**અરજી પત્રક જરૂરી પ્રમાણિત પ્રમાણપત્રો સહિત મોકલવા અંગેની અગત્યની સુચનાઓ :**

(૧) ઉમેદવારે ઓનલાઈન કન્ફર્મ થયેલ અરજી પત્રક તથા નીચે સુચવેલ સંબંધિત પ્રમાણપત્રો અને લાગુ પડતા પ્રમાણિત આધાર પુરાવાની નકલો ક્રમાનુસાર અચુક જોડીને બિડાણો સહિત નિર્ધારીત તારીખની સમયમર્યાદામાં અરજી મોકલવાનાં સરનામે પહોંચાડવાનાં રહેશે.

(૨) ઉમેદવારે કન્ફર્મ થયેલ અરજી પત્રકની સ્વચ્છ અને સ્પષ્ટ નકલ વંચાય તેવી હોવી જોઈએ અને પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અરજી પત્રક ઉપર લગાવવાનો રહેશે અને આ ફોટોગ્રાફ તથા ડિકલેરેશન ઉપર ઉમેદવારે સહી કરવાની રહેશે.

(૩) જન્મ તારીખનાં પુરાવા માટે શાળા છોડયાનું પ્રમાણપત્ર, જાતિ અંગેનું પ્રમાણપત્ર તથા નિયત શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો/ માર્કશીટ, એટેમ્પ્ટ સર્ટી. રજુ કરવાનું રહેશે.

(૪) અરજી પત્રક બિડાણો સાથે નિર્ધારીત તારીખની સમયમર્યાદામાં જમા કરાવવામાં આવેલ નહી હોય, અરજી પત્રક ઉપર નિયત બંને જગ્યાએ સહી કરવામાં આવેલ નહી હોય તેમજ ઉપર જણાવેલ કોઈપણ આધાર પુરાવા જોડવામાં આવેલ નહી હોય તો સીધેસીધી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૫) અરજી પત્રક બિડાણો સાથે નિર્ધારીત તારીખની સમયમર્યાદામાં જમા થઈ ગયા બાદ નહી જોડેલ ખૂટતા પ્રમાણપત્રો મોકલવામાં આવશે તે સ્વીકારવા બાબતે કોઈપણ પત્ર વ્યવહાર કે રજુઆત વિચારણામાં લેવાશે નહી.

(૬) અરજી પત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઈ ઉમેદવાર આ જગ્યાનાં ભરતી નિયમો તથા જાહેરાતની જોગવાઈઓ મુજબ લાયકાત ધરાવતાં ન હોવાનું માલુમ પડશે તો તેમની ઉમેદવારી કોઈપણ તબકકે રદ કરવામાં આવશે.